# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 04-09-2025** **Midday : 2.30 to 2.35 pm**
**Day : Thursday** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **યશ્વી મહેતા** વાંચે છે.

---

સમાચારનાં અંતે

આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ - વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા હતાં. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલોં કરશો.

-------------------------------------------------------------------

આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

(હવે પછી આપ સાંજે સાત વાગીને દસ મિનિટે પ્રાદેશિક સમાચાર સાંભળી શકશો.)

(CLOSING MUSIC)

# KANU DESAI GST

કેન્દ્ર સરકારે વસ્તુ અને સેવા કર- GSTમાં કરેલા સુધારાના નિર્ણયને રાજ્યના નાણાં મંત્રી કનુ દેસાઇએ  આવકાર્યો છે. તેમણે જણાવ્યું હતું કે હવે માત્ર 5 અને 18 ટકાનો દર જ લાગુ થશે. તેમણે ઉમેર્યું કે તમાકુની સહિતની પેદાશો પર 40 ટકા કર ટેક્સ યથાવત રાખવામાં આવ્યો છે.

(બાઈટ: કનુ દેસાઈ, નાણાં મંત્રી)

. . . . . . . . . . .

# GUJARAT DAM

રાજ્યમાં અત્યારસુધીમાં સરેરાશ 92 ટકાથી વધુ વરસાદ નોંધાયો છે, જેમાં ઉત્તર ગુજરાતમાં 96 ટકાથી વધુ વરસાદ વરસ્યો છે. સાર્વત્રિક વરસાદના પરિણામે રાજ્યના 113 જળાશય હાઈએલર્ટ પર છે.  જ્યારે 82 જળાશય 100 ટકાથી ભરાયા છે.

રાજ્યની જીવાદોરી સમાન સરદાર સરોવર બંધમાં 89 ટકાથી વધુ જળસંગ્રહ છે.  ત્યારે 15 દરવાજા ખોલી અઢી લાખ ક્યુસેક પાણી છોડાશે. જેથી નીચાણવાળા વિસ્તારોને એલર્ટ કરાયા છે. ભરૂચના ગોલ્ડન બ્રિજ પાસે પણ નર્મદા નદીમાં પાણીની આવકની શક્યતાને પગલે નર્મદા, વડોદરા અને ભરૂચ જિલ્લાના વિસ્તારોને સાવધ રહેવા એલર્ટ અપાયું છે.

બીજી તરફ ઉકાઈ બંધમાંથી એક લાખ 33 હજાર ક્યુસેક પાણી તાપી નદીમાં છોડવામાં આવી રહ્યુ છે. જ્યારે ભારે વરસાદના કારણે ભરૂચનો ગોલ્ડન બ્રિજ પાસે નર્મદા નદી ફરી બે કાંઠે વહેતી થઈ છે. દરમિયાન કરજણ

બંધમાંથી 28 હજાર ક્યુસેક સુખી બંધમાંથી 4 હજાર 105 ક્યુસેક પાણી છોડાયું છે.

. . . . . . . . . . .

# GANDHINAGAR RTO

ગાંધીનગર પ્રાદેશિક વાહનવ્યવહાર કચેરી-RTO માં AI ટેકનોલોજીથી ડ્રાઈવિંગ ટેસ્ટ લેવાશે. આ માટે ડ્રાઇવિંગ ટેસ્ટ ટ્રેકમાં AI કેમેરા લગાવવામાં આવ્યા છે. આ અંગે માહિતી આપતા RTO ઈન્સ્પેકટર ડી.બી.વણકરે જણાવ્યુ હતું કે એક મહિનામાં કામગીરી શરૂ કરાશે. આ ટેક્નોલૉજી અંતર્ગત ડ્રાઇવિંગ ટેસ્ટ નિયમ અનુસાર થયો છે કે નહીં તે હવે AI નક્કી કરશે.

(બાઈટ: ડી.બી.વણકર, ARTO, ગાંધીનગર)

. . . . . . . . . . .

# VAN MAHOTSAV – TAPI

તાપીના સોનગઢમાં 76માં જિલ્લા કક્ષાના વન મહોત્સવની ઉજવણી રાજ્યકક્ષાના આદિજાતિ બાબતોના મંત્રી કુંવરજી હળપતિની અધ્યક્ષતામાં

કરવામાં આવી હતી. આ તકે વધુને વધુ વૃક્ષારોપણ કરી શહેરને વધુ હરિયાળું બનાવવા અપીલ કરવામાં આવી હતી. તો જંગલ અને વન્ય પ્રાણીઓની જાળવણી અંગે સારી કામગીરી કરનાર લોકોનું સન્માન કરવામાં આવ્યું હતું.

. . . . . . . . . . .

# AMBAJI MELO

યાત્રાધામ અંબાજી ખાતે ભાદરવી પૂનમના મેળામાં ત્રણ દિવસમાં 14 લાખ 90 હજારથી વધુ માઇભક્તોએ માઁ અંબેના દર્શન કરીને ધન્યતા અનુભવી. મહામેળામાં અંબાજી માર્ગો પર પદયાત્રી અને સંઘોનો ધમધમાટ હજુ પણ ચાલુ છે. માઇભકતો હાથમાં ધજા, ત્રિશૂળ, ચુંદડી અને અનેકવિધ વેશભૂષા સાથે અંબાજી તરફ પ્રયાણ કરી રહ્યા છે. ત્યારે અરવલ્લીની ગિરિમાળાઓ જય અંબેના જયઘોષથી ગુંજી ઉઠી છે.

. . . . . . . . . . .

# SABARKANTHA MELO

સાબરકાંઠા જિલ્લાના ઇડરના જાદરના મુધણેશ્વર મહાદેવ મંદિરે ત્રિ-દિવસીય મેળો ભરાયો. આ મેળામાં આવતા લોકો પ્રસિધ્ધ મુધણેશ્વર મહાદેવની પૂજા અર્ચના કર્યા બાદ મેળાની મુલાકાત લેતા હોય છે. જિલ્લાના સૌથી મોટા મેળામા લાખોની સંખ્યામાં લોકોની ભીડ જોવા મળી હતી. આ મેળામાં કોઈ અનિચ્છનીય બનાવ ન બને તે માટે ચુસ્ત પોલીસ બંદોબસ્ત ગોઠવવામાં આવ્યો હતો.

. . . . . . . . . . .

# Medical checkup – panchmahal

ભાદરવા માસમાં બેવડી ઋતુનો અનુભવ થતાં પંચમહાલ જીલ્લામાં તાવ શરદી અને ઉધરસના કેસમાં વધારો નોંધાયો છે. એક સપ્તાહમાં જ આ બીમારીના 11 હજાર 363 કેસ નોંધાતા આરોગ્ય વિભાગ દ્વારા સર્વેની કામગીરી શરૂ કરવામાં આવી હતી.

. . . . . . . . . . .

# MEHSANA – TB TEAM

રાષ્ટ્રીય ટીબી નિર્મૂલન કાર્યક્રમ અંતર્ગત મહેસાણા જિલ્લામાં રાજ્યકક્ષાની 14 સભ્યોની 8 ટીમોએ જિલ્લાના દસ તાલુકાની મુલાકાત લીધી હતી. ચાર દિવસ દરમિયાન જિલ્લા કક્ષાએ ટીબી કેન્દ્રો, સામુહિક આરોગ્ય કેન્દ્રો તેમજ 50 જેટલા ટીબીના લાભાર્થીની માહિતી મેળવી હતી. ટીમ દ્વારા તૈયાર કરાયેલ વિગતો અને માહિતી જિલ્લા વિકાસ અધિકારીને સોંપવામાં આવી છે.

. . . . . . . . . . .

# DIU- SAKSHARTA JAGRUTI

કેન્દ્ર શાસિત પ્રદેશ દીવની સરકારી ઉચ્ચતર માધ્યમિક શાળા ખાતે નાણાકીય સાક્ષરતા જાગૃતિ કાર્યક્રમ યોજાયો. આ કાર્યક્રમનો હેતુ વિદ્યાર્થીઓને નાણાકીય વ્યવહાર, બચત, રોકાણ તથા બેંકિંગ સેવાઓ અંગે જાગૃત બનાવવાનો હતો. જેમાં વિદ્યાર્થીઓને બચતનું મહત્વ, બેંકિંગ પ્રણાલી, ડિજિટલ પેમેન્ટ, વીમા, નાણાકીય યોજનાઓ, સુરક્ષિત નાણાકીય વ્યવહારો, રોકાણ તથા ઠગાઈથી બચવાના ઉપાયો વિશે માર્ગદર્શન આપવામાં આવ્યું. આ ઉપરાંત રોજિંદા જીવનમાં તેનો કેવી રીતે ઉપયોગ કરી શકાય તે સમજાવવામાં આવ્યું.

. . . . . . . . . . .